અનુ.જનજાતિની ગ્રાન્ટ-ઈન-એઈડ આશ્રમશાળાઓ
અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની નિભાવ
ગ્રાન્ટમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
ઠરાવ ક્રમાંકઃ-અમશ-૧૪૯૭-યુ.ઓ-૧૨-ગ.
સચિવાલય, ગાંધીનગર.
તાઃ- 7 ? JUL 1997

વંચાણે લીધાઃ-આદિજાતિ વિકાસ વિભાગનો તા.૪-૫-૯૧ નો ઠરાવ ક્રઃ-અમશ-૧૪૮૬-૨૭૬૨-ગ.

ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ તા.૪- ના ઠરાવથી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રાજ્યમાં સહાયક અનુદાનના ધોરણે ચાલતી ગ્રાન્ટ-ઈન-એઈડ અનુ.જનજાતિની આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને વિદ્યાર્થીદીઠ માસિક રૂ.૨૨૫/-લેખે નિભાવ ગ્રાન્ટ ૧૦ (દસ)માટે હાલ ચૂકવવામાં આવે છે. સંચાલક સંસ્થાઓ તરફથી મળેલી રજૂઆતો અને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવોમાં ઉત્તરોત્તર વધારો થવાથી, વર્તમાન મોંઘવારીને ધ્યાનમાં રાખી નિભાવગ્રાન્ટમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે અનુ.જનજાતિની ગ્રાન્ટ-ઈન-એઈડ આશ્રમશાળાઓ અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓને અપાતી માસિક નિભાવણી ગ્રાન્ટનો દર માસિક રૂ.૨૨૫/-છે તેમાં વધારો કરી, વિદ્યાર્થીદીઠ માસિક રૂ.૩૫૦/-(અંકે રૂપિયા ત્રણસો પચાસ)આપવાનું ઠરાવવામાં આવે છે.

૨. આ અંગે થનાર જરૂરીયાત મુજબનો ખર્ચ ચાલુ વર્ષે મંજુર કરેલ ગ્રાન્ટમાંથી અથવા પૂરક માગણીથી મેળવવાનો રહેશે. અને તે માટે યોગ્ય સમયે પૂરક માગણી રજૂ કરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર-માગણી ક્રઃ-૯૪, મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિ, અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ,-૦૨-અનુ.આદિજાતિઓનું કલ્યાણ-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના-(૧૦)-બીસોકે-૧૩૭-આશ્રમશાળાઓ(આયોજન અને આયોજન બહાર)

અ ને

માગણી ક્રમાંક-૯૧, મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત પછાત વર્ગોનું કલ્યાણ-૦૨-અનુ.આદિજાતિઓનું કલ્યાણ-૨૭૭-શિક્ષણ-(૧૬)-બીસોકે-૧૩૭-આશ્રમશાળાઓ. (આયોજન અને આયોજન બહાર).

..૨..

૪. આ ઠરાવ આ વિભાગની ફાઈલ ક્રમાંક-અમશ-૧૪૯૭-યુઓ-૧૨-ગ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૦-૬-૯૭ની તથા નાણા વિભાગની તા.૪-૬-૯૭ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.,

(વી.આર.જાદવ)
નાયબ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી,
મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
મંત્રીશ્રી(આદિજાતિ કલ્યાણ)ના અંગત સચિવશ્રી,
મંત્રીશ્રી રાજ્યકક્ષા(આ.ક.)ના અંગત સચિવશ્રી,
નાયબ મંત્રીશ્રી(આ.વિ.વિ.)ના અંગત સચિવશ્રી,
મંત્રીશ્રી(સમાજ કલ્યાણ)ના અંગત સચિવશ્રી,
મંત્રીશ્રી, (સા અને શૈ.પ.કલ્યાણ)ના અંગત સચિવશ્રી,
નાયબ મંત્રીશ્રી(અ.જા.)ના અંગત સચિવશ્રી,
નાયબ મંત્રીશ્રી(સા.અને શૈ.રી.પ.વર્ગના કલ્યાણ)ના અંગત સચિવશ્રી,
સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(બે નકલો સાથે);
(આ હુકમોના અમલ અર્થે તે વિભાગે તેમના છાત્રાલયો માટે ચાલુ વર્ષે જરૂરી નાણાંકીય-જોગવાઈ કરવાની રહેશે.),
નિયામકશ્રી, આદિજાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુ.રા. ગાંધીનગર,
નિયામકશ્રી, વિકાસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર,
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર,
રેસીડેન્ટ ઓડીટ અધિકારી, ગાંધીનગર,
સર્વે પાયોજના વહીવટદારશ્રીઓ,
સર્વે આશ્રમશાળા અધિકારીશ્રી(રાજકોટ સહિત),
સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીઓ/સમાજ કલ્યાણ અધિકારીશ્રી(બક્ષી)તથા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત)સમાજ કલ્યાણ નિયામકશ્રી (મારફતે),
વિભાગની સર્વે શાખાએ,
સિલેક્ટ ફાઈલ. / ગ શાખા.